# વિજય હજારે ટ્રોફી : કોહલી, રોહિત, ગિલની હાજરીથી ટુર્નામેન્ટની ચમક વધી

**રોહિત** આજે અને 26 ડિસેમ્બરે જયપુરમાં મુંબઇ માટે રમશે જ્યારે કોહલી આજે બેંગ્લુરૂમાં દિલ્હી માટે રમે એવી અટકળો છે

**આ** બે સ્ટાર ખેલાડીઓ ઉપરાંત ગિલ, પંત, સૂર્યકુમાર, અભિષેક શર્મા સહિત અન્ય સ્ટાર ખેલાડીઓને આ વન-ડે ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કરવાની ફરજ પડશે





બેંગ્લુરૂ, તા. 23 (પીટીઆઈ): સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્મા સહિત કેટલાંક ટોચના ભારતીય ક્રિકેટરોની હાજરીથી બુધવારથી શરૂ થનારી વિજય હજારે વનડે ક્રિકેટ ટુર્નામેન્ટની ચમક વધી છે જેમાં આ દિગ્ગજ ખેલાડીઓને પોતાની ક્ષમતા સાબિત કરવાની તક મળશે જ્યારે ઘરેલુ ક્રિકેટ પર ફરીથી ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે (BCCI) તમામ ભારતીય ક્રિકેટરો માટે વિજય હજારે ટ્રોફીમાં ઓછામાં ઓછી બે મેચ રમવાનું ફરજિયાત બનાવ્યું હોવાથી કોહલી અને રોહિતને ઘરેલુ ટુર્નામેન્ટમાં રમવાની ફરજ પડી છે. કોહલી 15 વર્ષ પછી આ ટુર્નામેન્ટમાં રમશે. આ ટુર્નામેન્ટમાં તેની અને રોહિતની ભાગીદારી સ્પષ્ટપણે દર્શાવે છે કે બંને ખેલાડીઓ ભારતીય ક્રિકેટમાં વિકસતા શક્તિ સમીકરણથી મુક્ત નથી જ્યારે બંને હાલમાં ક્રિકેટ જગતના સ્ટાર છે. રોહિતે સ્પષ્ટ કર્યું છે કે તે 24 અને 26 ડિસેમ્બરે જયપુરમાં સિક્કિમ અને ઉત્તરાખંડ સામેની પ્રથમ બે મેચોમાં મુંબઈ માટે રમશે. કોહલીએ હજુ સુધી નક્કી કર્યું નથી કે તે દિલ્હી માટે કઈ બે કે ત્રણ મેચ રમશે. જોકે કોહલી મંગળવારે બેંગ્લુરૂ પહોંચ્યો હતો જેના કારણે અટકળો લગાવવામાં આવી રહી છે કે તે બુધવારે બેંગ્લુરૂમાં યોજાનારી આંધ્રપ્રદેશ સામેની મેચ અને બાદમાં ગુજરાત સામેની મેચમાં રમશે. અન્ય ઘણા સિનિયર ખેલાડીઓ આ ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કરવા માટે પ્રતિબદ્ધ રહેશે. જેમ કે પંત તેણે ટેસ્ટ ક્રિકેટ ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે પરંતુ મર્યાદિત ઓવરની ટીમમાં સ્થાન મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. આગામી T-20 વર્લ્ડકપ માટે અવગણવામાં આવ્યા બાદ ગિલ પોતાનું ફોર્મ પાછું મેળવવાનો પ્રયાસ કરશે. જમણા હાથનો બેટ્સમેન પંજાબ માટે રમીને પોતાની નિરાશા દૂર કરવાનો પ્રયાસ કરશે. પસંદગીકારો આ ટુર્નામેન્ટમાં ઝડપી બોલરોના પ્રદર્શન પર પણ નજીકથી નજર રાખશે. ભારતીય ટીમના ફાસ્ટ બોલરોમાં, પ્રસિદ્ધ કૃષ્ણ, હર્ષિત રાણા અને આકાશ દીપમાં સાતત્યનો અભાવ જોવા મળ્યો છે.

# આજે કોહલી ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમવા નહીં ઉતરે

**સુરક્ષા** કારણોસર ચિન્નાસ્વામીમાં યોજાનારી વિજય હજારે ટ્રોફીની મેચો બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સમાં ખસેડવામાં આવી

**આજે** દિલ્હી અને આંધ્રપ્રદેશ વચ્ચેની પ્રથમ મેચ બેંગ્લુરૂના સેન્ટર ઓફ એક્સેલન્સ રમાશે જેમાં કોહલી અને પંત રમવાના છે

### ચાહકોને પ્રવેશ આપવામાં આવશે નહીં

કર્ણાટક ગૃહ મંત્રાલયે મંગળવારે સવારે આ નિર્ણયની KSCAને જાણ કરી. આ પછી, પ્રથમ મેચ રમી રહેલી બંને ટીમોને જાણ કરવામાં આવી. તેમના મેચ પહેલાના ટ્રેનિંગ સત્રો હવે બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે યોજાશે. વધુમાં, ચાહકોને બેંગલુરુમાં વિજય હજારે ટ્રોફી મેચોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.
સેન્ટર ઓફ એક્સીલેન્સે પહેલાં પણ દર્શકો વગર દીલીપ ટ્રોફી, મહિલા વર્લ્ડકપ વોર્મ-અપ મેચ અને દ. આફ્રિકા સામે ઈન્ડિયા-એની સિરીઝનું આયોજન કર્યું છે. હવે ત્યાં વધુ એક વખત મેચોનું આયોજન કરાશે.

બેંગ્લુરૂ, તા. 23 (પીટીઆઈ): સુરક્ષાના કારણોસર બેંગલુરુમાં યોજાનારી વિજય હજારે ટ્રોફીની તમામ મેચોને એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમથી અહીંના બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સમાં ખસેડવામાં આવી છે. કર્ણાટક સરકારના નિર્દેશ પર આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફેરફારમાં બુધવારે દિલ્હી અને આંધ્રપ્રદેશ વચ્ચેની પ્રથમ મેચ પણ સામેલ છે, જેમાં વિરાટ કોહલી અને ઋષભ પંત રમવાના છે. કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશનના (\RKSCA) એક અધિકારીએ આ વાતની પુષ્ટિ કરી હતી. RKSCAએ દર્શકો વગર મેચ આયોજિત કરવાની મંજૂરી માગી હતી પણ રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલી સમિતિએ સુરક્ષાના કારણોસર ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મેચ આયોજિત કરવાની મંજૂરી આપી ન હતી. અગાઉ એસોસિએશને સંકેત આપ્યો હતો કે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં વિજય હજારેની મેચો રમાશે અને બે સ્ટેન્ડને સામાન્ય જનતા માટે ખોલવામાં આવશે જેમાં 2000-3000 દર્શકો બેસી શકે છે. જોકે KSCAને ખાતરી છે કે નિયમોનું પાલન કર્યા બાદ ચિન્નાસ્વામીને નીજક ભવિષ્યમાં વિજય હજારે ટ્રોફીની મેચોનું આયોજન કરવાની મંજૂરી મળી જશે.

# ભારતીય ખેલાડીઓના ઉશ્કેરણીજનક વર્તન અંગે ICCને સૂચિત કરીશું: PCB

કરાચી, તા. 23 (પીટીઆઈ): પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના (PCB) અધ્યક્ષ મોહસીન નકવીએ અંડર-19 એશિયા કપ ફાઈનલ દરમિયાન ભારતીય ખેલાડીઓ પર ઉશ્કેરણીજનક વર્તનનો આરોપ લગાવ્યો છે અને કહ્યું છે કે તેઓ આ ઘટના અંગે ICCને ઔપચારિક રીતે જાણ કરવાનું વિચારી રહ્યા છે. રવિવારે દુબઈમાં રમાયેલી કોન્ટિનેન્ટલ ટુર્નામેન્ટની ફાઈનલમાં પાકિસ્તાને ભારતને 191 રનથી હરાવ્યું હતું. મેચ દરમિયાન બંને ટીમોના ખેલાડીઓ વચ્ચે ઘણી વાર ઝઘડા થયા હતા. મેચ પહેલા અને પછી બંને ટીમોએ હાથ પણ મિલાવ્યા ન હતા. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ દ્વારા આયોજિત રિસેપ્શનમાં નકવીએ કહ્યું, 'અંડર-19 એશિયા કપ ફાઈનલ દરમિયાન, ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની ખેલાડીઓને સતત ઉશ્કેર્યા હતા. પાકિસ્તાન આ ઘટના વિશે ICCને ઔપચારિક રીતે જાણ કરશે.

# ટી-20 : ભારતીય મહિલા ટીમે શ્રીલંકાને હરાવ્યું

**ભારતીય** સ્પિનરોએ શ્રીલંકાને 128 રન પર અટકાવ્યા બાદ શેફાલીએ આક્રમક બેટિંગ કરી ટીમને સહેલાઈથી વિજય અપાવ્યો

**ભારત** ટી-20 સિરીઝમાં 2-0થી આગળ



વિશાખાપટ્ટનમ, તા. 23 (પીટીઆઈ): સ્નેહ રાણાની આગેવાની હેઠળ સ્પિન બોલરોના શાનદાર પ્રદર્શન બાદ, ભારતની આક્રમક બેટિંગને કારણે ભારતે પાંચ મેચની શ્રેણીની બીજી મહિલા T-20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકાને 49 બોલ બાકી રહેતા સાત વિકેટથી હરાવીને 2-0ની સરસાઈ મેળવી.

શ્રીલંકાને નવ વિકેટે 128 રન પર રોક્યા બાદ, ભારતે 11.5 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું.

શેફાલીએ 34 બોલમાં અણનમ 69 રન બનાવ્યા. આ શાનદાર ઇનિંગ દરમિયાન, તેણે જેમીમા રોડ્રિગ્સ (15 બોલમાં 26) સાથે માત્ર 28 બોલમાં બીજી વિકેટ માટે 58 રનની ભાગીદારી કરી.

તેણએ સ્મૃતિ મંધાના (14 રન) સાથે પ્રથમ વિકેટ માટે 29 રનની અને કેપ્ટન હરમનપ્રીત કૌર (10 રન) સાથે ત્રીજી વિકેટ માટે 41 રનની ભાગીદારી કરી.

અગાઉ પ્રથમ બોલિંગ કરતા સ્નેહ રાણાએ શ્રીલંકાની કેપ્ટન ચમારી અટાપટ્ટુને આઉટ કરી હતી તેણે ચાર ઓવરમાં માત્ર 11 રન આપીને એક વિકેટ લીધી. તેને યુવા સ્પિનરો વૈષ્ણવી શર્મા અને શ્રી ચરણી તરફથી સારો ટેકો મળ્યો, જેમણે દરેકે બે વિકેટ લીધી. છેલ્લી મેચમાં ખરાબ ફિલ્ડિંગ કરનાર ભારતીય ટીમે આ મેચમાં કેટલાક શાનદાર કેચ લીધા અને શ્રીલંકાની ત્રણ બેટરોને પણ રન આઉટ કર્યા.

# દીપ્તી પ્રથમ વખત બની ટી-20 આંતરરાષ્ટ્રીયમાં નંબર વન બોલર

દુબઈ, તા. 23: ભારતીય સ્ટાર ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા મંગળવારે પોતાની કારકિર્દીમાં પહેલી વાર ICC મહિલા T-20 આંતરરાષ્ટ્રીય બોલિંગ રેન્કિંગમાં ટોચ પર પહોંચી છે. વિશાખાપટ્ટનમમાં શ્રીલંકા સામેની ઘરેલુ શ્રેણીની પહેલી T-20 મેચમાં, 28 વર્ષીય ઓફ-સ્પિનરે 20 રન આપીને એક વિકેટ લીધી હતી અને આ પ્રદર્શનને કારણે, તેણે ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર અનાબેલ સધરલેન્ડને પાછળ છોડીને ટોચ પર પહોંચી હતી. દીપ્તિ 737 પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર છે, તે ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલરથી એક રેટિંગ પોઈન્ટ આગળ છે. ફાસ્ટ બોલર અરુંધતી રેડ્ડી પાંચ સ્થાનના ફાયદા સાથે 36મા સ્થાને પહોંચી છે જ્યારે સ્પિનર શ્રી ચરણી 19 સ્થાનના ફાયદા સાથે 69મા સ્થાને પહોંચી છે. વિશાખાપટ્ટનમમાં 44 બોલમાં અણનમ 69 રન બનાવીને મેચની સર્વશ્રેષ્ઠ ખેલાડી નો પુરસ્કાર જીતનાર જેમિમા રોડ્રિગ્સ પાંચ સ્થાનના લાભ સાથે નવમાં ક્રમ પર છે. ભારતીય વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાના ત્રીજા ક્રમ પર છે તે ભારતીય મહિલા ખેલાડીઓમાં સૌથી આગળ છે.

# ઈન્ડોનેશિયાના પ્રિયંદનાએ એક ઓવરમાં 5 વિકેટ લેવાનો રેકોર્ડ બનાવ્યો

**T-20** આંતરરાષ્ટ્રીય મેચમાં પ્રથમ વખત કોઈ બોલરે એક ઓવરમાં પાંચ વિકેટ લીધી

**ઘરેલુ** ક્રિકેટમાં અગાઉ બે વખત આવું બન્યું છે



બાલી (ઈન્ડોનેશિયા), તા. 23 (પીટીઆઈ): મંગળવારે ઈન્ડોનેશિયાના જમણા હાથના ફાસ્ટ બોલર ગેડે પ્રિયંદનાએ T-20 આંતરરાષ્ટ્રીય મેચમાં એક જ ઓવરમાં 5 વિકેટ લઈને રેકોર્ડ બનાવ્યો. તેણે કંબોડિયા સામે તેની ટીમના 60 રનના વિજય દરમિયાન આ સિદ્ધિ મેળવી. આઠ મેચની T20 શ્રેણીની પ્રથમ મેચમાં સાતમા બોલર તરીકે બોલિંગ કરતી વખતે પ્રિયંદનાએ એક ઓવરમાં માત્ર એક રન આપીને પાંચ વિકેટ લીધી. અગાઉ ઈન્ડોનેશિયાએ પ્રથમ T20 મેચમાં પાંચ વિકેટે 167 રન બનાવ્યા હતા. જવાબમાં, કંબોડિયા 16 ઓવરમાં 107 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. કંબોડિયાએ 15મી ઓવર સુધીમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી, પ્રિયંદનાએ 16મી ઓવરમાં બાકીની પાંચ વિકેટ લઈ કંબોડિયન ટીમને ઓલઆઉટ કરી હતી અને આ અનોખી સિદ્ધી મેળવી હતી. એક અહેવાલ અનુસાર, પુરુષોની T-20માં (ઘરેલુ) પહેલા બે વાર એક ઓવરમાં પાંચ વિકેટ લેવામાં આવી છે. બાંગ્લાદેશના અલ-અમીન હુસૈને 2013-14માં વિજય દિવસ T-20 કપમાં UCB-BCB XI વતી રમતી વખતે એક ઓવરમાં પાંચ વિકેટ લીધી હતી. જ્યારે ભૂતપૂર્વ ભારતીય ખેલાડી અભિમન્યુ મિથુને 2019-20માં સૈયદ મુશ્તાક અલી T-20 ટ્રોફીની ફાઈનલમાં હરિયાણા સામે કર્ણાટક વતી રમતી વખતે એક ઓવરમાં પાંચ વિકેટ લીધી હતી.

### પ્રિયંદનાની 16મી ઓવર

- » પ્રથમ બોલ વિકેટ (શાહ અબરાર હુસૈન (37)
- » બીજો બોલ વિકેટ (નિર્મલજીત સિંહ)
- » ત્રીજો બોલ વિકેટ (ચાન્થૌન રથનક)
- » ચોથો બોલ કોઈ રન નહીં
- » પાંચમો બોલ વાઈડ (1 રન)
- » પાંચમો બોલ વિકેટ (મોંગદારા સોક)
- » છઠો બોલ વિકેટ (પેલ વનાક)

# પેટ કમિન્સનું ટી-20 વર્લ્ડકપમાં રમવું શંકાસ્પદ

મેલબોર્ન, તા. 23 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયાના ટેસ્ટ અને વનડે કેપ્ટન પેટ કમિન્સની આગામી વર્ષે ભારત અને શ્રીલંકામાં યોજાનાર T-20 વર્લ્ડકપમાં રમવું શંકાસ્પદ છે કારણ કે તે હજુ સુધી પીઠની ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થયો નથી. કમિન્સ ઈંગ્લેન્ડ સામેની એશિઝ સિરીઝની પ્રથમ બે મેચ ચૂકી ગયો હતો. તે એડિલેડમાં ત્રીજી એશિઝ ટેસ્ટમાં પાછો ફર્યો અને 6 વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાને સિરીઝમાં 3-0ની અજેય સરસાઈ અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કમિન્સ હવે શ્રેણીની બાકીની બે મેચ ચૂકી જશે, અને T20 વર્લ્ડકપમાં પણ તેનું રમવું શંકાસ્પદ છે. ઓલરાઉન્ડર મિશેલ માર્શ T-20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ઓસ્ટ્રેલિયાનું નેતૃત્વ કરે છે. ઓસ્ટ્રેલિયાના મુખ્ય કોચ એન્ડ્રુ મેકડોનાલ્ડે કહ્યું, 'વર્લ્ડ કપની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. તે (કમિન્સ) ટુર્નામેન્ટ માટે ટીમમાં હશે કે નહીં તે અંગે હું હાલમાં ચોક્કસ કંઈ કહી શકતો નથી. હાલ પરિસ્થિતિ અનિશ્ચિત છે. અમને આશા છે કે તે ત્યાં સુધીમાં ફિટ થઈ જશે.' તેમણે કહ્યું, 'તે સ્વસ્થ છે પણ અમે કોઈ પ્રકારનું જોખમ ઉઠાવવા માગતા નથી. અમે એશિઝ સિરીઝ જીતી લીધી છે, હવે તે સિરીઝની બાકીની મેચમાં રમશે નહીં.'

# દિલ્હી હાઈકોર્ટે સુનિલ ગાવસ્કરના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ કર્યું

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટે મંગળવારે ભૂતપૂર્વ દિગ્ગજ ક્રિકેટર અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનિલ ગાવસ્કરના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ કર્યું, જેમાં અનેક વેબસાઈટ્સ અને ઓનલાઈન પ્લેટફોર્મને તેમની સંમતિ વિના તેમના નામ અથવા ફોટાઓનો ગેરકાયદેસર રીતે વ્યાપારી લાભ માટે ઉપયોગ કરવાથી રોકી દેવામાં આવ્યા. જસ્ટિસ મનમીત પ્રીતમ સિંહ અરોડાએ ઘણા પ્રતિવાદીઓને આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ અને ડીપફેક ટેકનોલોજી દ્વારા ગાવસ્કરના વ્યક્તિત્વના લક્ષણોનો ઉપયોગ કરવાથી પણ રોક્યા, અને ઈન્ટરનેટ પર અપલોડ કરવામાં આવતી કેટલીક વાંધાજનક સામગ્રીને દૂર કરવાનો આદેશ આપ્યો. હાઈકોર્ટે કહ્યું કે વાંધાજનક સામગ્રી, નિયમો અને અધિકારોનો ભંગ કરતી પોસ્ટ્સ, વિડિયો અને સંબંધિત સામગ્રીના URL વેબસાઈટ્સ દ્વારા 72 કલાકની અંદર દૂર કરવા જોઈએ. કોર્ટે આ મામલાની વધુ સુનાવણી 22 મેના રોજ નક્કી કરી. ગાવસ્કરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ઈ-કોમર્સ વેબસાઈટ્સ દ્વારા તેમના નામ, ફોટાઓ, વ્યક્તિત્વ અને સમાનતાના અનધિકૃત ઉપયોગને રોકવા અને તેમના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ કરવા માટે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૯ | | | ૪ | ૨ | ૧ | |
| | ૪ | ૨ | | ૬ | | | ૩ | ૮ |
| ૮ | | | ૫ | | ૨ | ૯ | | |
| | ૯ | ૫ | ૮ | ૩ | ૧ | ૭ | ૨ | ૬ |
| ૨ | | | | | | ૧ | | |
| ૧ | | | | | | | | |
| ૩ | ૬ | ૧ | ૭ | ૪ | ૫ | ૮ | | ૨ |
| | | ૭ | ૬ | ૧ | ૮ | | ૫ | |
| | | | ૨ | ૯ | ૩ | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઉધરસ માટે કર્પૂર ગૂટી

દાડમની છાલ, લવિંગ, કપૂર દરેક 50g લો. લીંડી પેપર, પાનની જડ, બહેડાં, સફેદ મરી, કાથો દરેક 100g લઇ બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. તેમાં બાવળની છાલ 500 ગ્રામનો ક્વાથ કરી તેમાં ચૂર્ણ ઘૂંટી વટાણા જેવડી ગોળીઓ કરી સૂકવી ભરી રાખો. ઉધરસ, ગળાની કાળજી માટે ઉત્તમ છે. ગોળીઓ ચૂસીને ખાવ.

## શબ્દગુંફન - ૭૧૨૮

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧.હરણના ટોળાનો ઉપરી કાળો હરણ (૪)
૪.રાજાને કરાતું સંબોધન (૩)
૬.દરિયા જેવું વિશાળ (૪)
૮.મહેરબાની, માન, ભેટ (૪)
૧૦.નકામું, બાદ કરેલું (૨)
૧૧.વિષ, ઝેર (૨)
૧૨.થાપણ (૪)
૧૪.બંદરમાં પેસવાનો માર્ગ (૨)
૧૫. ઓછપ, ખામી (૨)
૧૭.બાણ (૨)
૧૮.અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૧૯.દુર્બળ, કમતાકાત (૪)
૨૧.ટોચ, છેડો (૨)
૨૨.રૂવું, શરીર ઉપરના વાળ (૨)
૨૩.ઘોડા ગધેડાનાં પગ બાંધવાનું દોરડું (૩)
૨૪.સમજણ (૨)
૨૫.તેજ, ભપકો (૩)
૨૭.અભિમાની, ગુમાની (૩)
૨૮.દિલગીરી (૨)
૨૯.પાણી, નીર (૨)
૩૦.ટીખળ, મશ્કરી (૩)
૩૧. દોર, તંતુ (૨)

**ઊભી ચાવી**
૧.સત્ય, જીવતર, સ્વાર્થ (૨)
૨.યાચના કરનાર, માગણ (૩)
૩.કૃષ્ણ (૨)
૪.ફરિયાદ (૨)
૫.રોકડું (૩)
૬.શ્વાસ (૨)
૭.પીડા (૩)
૮.છાપું (૪)
૯.દેશ (૨)
૧૦.લીન, આસક્ત (૨)
૧૨.અમૃત, મીઠાશ (૨)
૧૩.ઘા ઉપર ચોપડવાનુ ઔષધ (૩)
૧૫.હાથ (૨)
૧૬.કાંઠો, કિનારો (૨)
૧૭.નિશાનબાજ, બાણવળી (૪)
૧૮.બોલી, ભાષા (૨)
૧૯.ઓછપ (૨)
૨૦.દરેક કિલોમીટરનું અંતર (૩)
૨૧.ગાળ્યા વગરનું (૪)
૨૨.રાતની ચોકી માટે ફરવું તે (૨)
૨૪. પખવાડિયાની સાતમી તિથિ (૩)
૨૫.એક દિવસની મંજૂરી (૨)
૨૬.એક સંત (૩)
૨૮.ગરીબ (૨)

## આજનું પંચાંગ

**તા. 24/12/2025, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પોષ
**તિથિ:** સુદ: ચોથ: 13:12
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ :03
**અયન :** ઉત્તરાયણ **ઋતુ :**શિશિર
**નક્ષત્ર :** ધનિષ્ઠા નક્ષત્ર વૃધ્ધિ છે
**યોગ :** હર્ષણ
**કરણ:** બવ
**રાશિ:** મકર (ખ,જ)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 07:14
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:02 **નવકારસી :** 08:02
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ,
**રાહુ કાળ :** બપોરે 12:00 થી 13:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નોકરીમાં પ્રભાવ વધે. નવી જવાબદારીઓ નિભાવવી પડશે. સ્થાયી સંપતિ લે-વેચ કરવાની યોજના બને.
**વૃષભ (બ,વ,ઉ,):** કાયદા-કાનૂન બાબતે મદદ મળે. જીવન-સાથીના કામમાં મદદરૂપ બનશો. ધાર્મિક પ્રવાસના કામ થાય.
**મિથુન (ક,છ,ઘ,):** મનગમતા ભોજન બાબતે કાબૂમાં રહેવું ખર્ચા વધશે. લેવલ-દેવડમાં સાવધાની રાખવી.
**કર્ક (ડ,હ,):** પારિવારિક સમસ્યાનું સમાધાન થાય. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. ભાગીદારીનાં કામમાં પ્રગતિ થાય.
**સિંહ (મ,ટ,):** નોકરીમાં જવાબદારી સાથે પ્રગતિ થાય. હરીફોથી સાવધાન. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો.
**કન્યા (પ,ઠ,ણ,):** પરીક્ષામાં સફળતા મળે. મોજ-શોખના ધંધામા લાભ થાય. શેરબજારમાં તક મળશે.
**તુલા (ર,ત,):** બહારના કામ સરળ બને. ઘરમાં સગવડ વધે. નવી વેપાર-ધંધાની યોજના બને.
**વૃશ્ચિક (ન,ય,):** નોકરી-ધંધા માટે પ્રવાસ અનુકૂળ રહે. બીજાના કામમાં દાખલ કરવા નહી. આવક વધશે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** વાણી પર કાબુ રાખવો. પારિવારિક પ્રશ્નો સતાવે. આવક વધારવાની તક મળે. મૌન રહેવું
**મકર (ખ,જ,):** હાથ પરનો કામ પાર પડે. નોકરીમાં મદદ મળે. આવક વધારવાની તક મળે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** ગુપ્ત ભવ સતાવે. સંતાનોની ચિંતા રહે. અચાનક શુભ સમાચારો મળે. ખર્ચા વધશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** અટકેલા નાણા છૂટા થઇ શકે છે. શેર બજારમા તક મળે. પ્રેમમાં સહકાર મળે.

### કોઇ પણ સાલમાં 24 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ નવી તકો પૂરી પાડનાર રહેશે. નોકરી-ધંધા વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. તેમજ ચડતી-પડતી વચ્ચે નવી તકો મળે. હરીફો અને હિત-શત્રુઓનો સામનો વધશે. સમાજમાં અશાંતિ રહે. પરિવારમાં તાલમેળથી મદદ મળતી રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. ઘરના નાના સભ્યોનજો મદદ કરવાની તક મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે અનુકુળતા રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. ઉમર લાયકના વિવાહ થાય. સંતાનોના કામમાં પ્રગતિ થાય. વારસા-જાયદાત, જમીન જેવા કામમાં કાયદાકીય મદદ મળે. આવક-વધારવાની યોજનામાં મિત્રોનો સાથ રહે. સમાજ જીવનમાં વડીલો મદદરૂપ બને. નવા ધંધા વેપારની તક મળે. વ્યવસાયમાં નવી યોજના પાર પડે. યાત્રા પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિમ મળે. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આર્થિક પ્રગતિ થાય. જુલાઈ-ઓગસ્ટમાં સમાજ-પરિવારની સમસ્યા સતાવે.


**મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ**
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-એનઇ, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

**કબજા નોટિસ** (સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 (1)ની સાથે એપેન્ડીક્સ-IVને વાંચવા મુજબ)
નીચે સહી કરનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી છે, સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને કલમ 13 (2)ને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરીને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત ઋણ લેનારાઓને-જામીનદારોને નોટિસમાં ઉલ્લેખિત રકમ કથિત નોટિસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા ડિમાન્ડ નોટિસો જારી કરી હતી. ઋણ લેનારાઓ રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ઋણ લેનારાઓ-સહ-ઋણ લેનારાઓ-જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને ઉપરોક્ત નિયમના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખિત મિલકતોનો કબજો મેળવ્યો છે. ખાસ કરીને ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે આ મિલકત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલકત સાથે કોઈ પણ સોદો નીચે ઉલ્લેખિત રકમ સાથે તેના પર વ્યાજની સાથે મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના ચાર્જને આધીન રહેશે. સિક્યોર્ડ મિલકતો પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય માટે ઋણ લેનારાઓનું ધ્યાન ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) તરફ દોરવામાં આવે છે.

| ક્રમ સંખ્યા | ઋણ લેનારાઓ-સહઋણ લેનારાઓનું નામ/લોન એકાઉન્ટ નંબર/ શાખા | સિક્યોર્ડ મિલકતોની સંક્ષિપ્ત વિગતો | ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી રકમ (રૂપિયામાં) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | સોની પ્રિન્સ/ વિજયભાઈ બાબુનંદન સોની/ ૦૦૪-૦૦૪૦૫૪૩૫/ સુરત | ફ્લેટ નં. ૨૦૩, બીજો માળ, શ્રી બાલાજી ફ્લેટ્સ, વલ્લભનગર સુરત-કડોદરા રોડની બહાર, બુલે ડેલ સ્કૂલ પાસે, વરેલી, પલસાણા, સુરત પિનકોડ- ૩૯૪૧૪૦ ઉત્તર- સંલગ્ન પ્લોટ, દક્ષિણ- સંલગ્ન પ્લોટ, પૂર્વ- સોસાયટી રોડ, પશ્ચિમ- સંલગ્ન પ્લોટ | ૨૫-જૂન-૨૦૨૫/રૂ. ૧૩,૮૦,૩૫૮/- (રૂપિયા તેર લાખ એંસી હજાર ત્રણસો અઠ્ઠાવન માત્ર.) | ૨૧-ડિસેમ્બર-૨૦૨૫ |

તારીખ: 24 ડિસેમ્બર , 2025
સ્થળ: સુરત
એસડી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ



**મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ**
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-એનઇ, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

**કબજા નોટિસ** (સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 (1)ની સાથે એપેન્ડીક્સ-IVને વાંચવા મુજબ)
નીચે સહી કરનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી છે, સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને કલમ 13 (2)ને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરીને કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત ઋણ લેનારાઓને-જામીનદારોને નોટિસમાં ઉલ્લેખિત રકમ કથિત નોટિસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા ડિમાન્ડ નોટિસો જારી કરી હતી. ઋણ લેનારાઓ રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ઋણ લેનારાઓ-સહ-ઋણ લેનારાઓ-જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને ઉપરોક્ત નિયમના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખિત મિલકતોનો કબજો મેળવ્યો છે. ખાસ કરીને ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે આ મિલકત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલકત સાથે કોઈ પણ સોદો નીચે ઉલ્લેખિત રકમ સાથે તેના પર વ્યાજની સાથે મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના ચાર્જને આધીન રહેશે.
સિક્યોર્ડ મિલકતો પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય માટે ઋણ લેનારાઓનું ધ્યાન ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) તરફ દોરવામાં આવે છે.

| ક્રમ નં. | ઋણ લેનારાઓ-સહઋણ લેનારાઓનું નામ -લોન એકાઉન્ટ નંબર/ શાખા | સિક્યોર્ડ મિલકતોની સંક્ષિપ્ત વિગતો | ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી રકમ (રૂપિયામાં) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | ભરત લાલચંદ રાજભર/ રીનુદેવી ભરત રાભર/ 004-00403300/સુરત | ફ્લેટ નં. ૫૦૪, સહજાનંદ રેસિડેન્સી-૨, પલસાણા, સુરત-૩૯૪૩૦૫ સીમાઓઃ ઉત્તર- સંલગ્ન રોડ, દક્ષિણ- સંલગ્ન પ્લોટ નં. ૨૪૧, પૂર્વ- સંલગ્ન પ્લોટ નં. ૨૧૯, પશ્ચિમ- સંલગ્ન રોડ. | ૨૦-માર્ચ-૨૦૨૫/ રૂપિયા ૫,૫૮,૩૩૬/- રૂપિયા પાંચ લાખ અઠ્ઠાવન હજાર ત્રણસો છત્રીસ માત્ર | ૨૧-ડિસે. -૨૦૨૫ |
| 2. | દિપક કડવાભાઈ ધાનાણી/ લતાબેન દિપકભાઈ ધાનાણી/004-00000839/ સુરત | પ્લોટ નં.૧૨૫, રોયલ પાર્ક રેસિડેન્સી, પરિમલ ગ્લાસ પાસે, ખારચથી કુવરદા, ખારચ ગામ, ભરૂચ, ગુજરાત, ૩૯૪૧૨૦ સીમાઓ-, ઉત્તરઃ પ્લોટ નં.૧૨૯, દક્ષિણઃ સોસાયટી રોડને અડીને, પૂર્વઃ પ્લોટ નં.૧૨૪, પશ્ચિમઃ પ્લોટ નં.૧૨૬. | ૨૦-માર્ચ-૨૦૨૫/ રૂપિયા ૩૦,૩૩,૫૪૧/- રૂપિયા ત્રીસ લાખ તેત્રીસ હજાર પાંચસો એકતાલીસ માત્ર. | ૨૧-ડિસે. -૨૦૨૫ |
| 3. | કૃષ્ણ રાજધર બિરારે/શિંદુ રાજધર બિરારે/004-00403581/ સુરત | ફ્લેટ નં.૫૦૩ ૫મો મારુતિ પેલેસ સાઈ દર્શન રેસીડેન્સી બગુમરા કેનાલ રોડ બગુમરા પલસાણા સુરત ગુજરાત ૩૯૪૩૦૫. વધુ વિગતવાર ઉલ્લેખ સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં વેચાણ ડીડ રજિસ્ટર્ડ નં. ૪૨૨૬/૨૦૧૮, તારીખ-૨૬/૦૨/૨૦૧૮માં. સીમાઓ - ઉત્તર- સંલગ્ન પ્લોટ નં.૧૭૮, દક્ષિણ- સંલગ્ન પ્લોટ નં. ૧૮૨., પૂર્વ- સંલગ્ન પ્લોટ ૧૮૪,૧૮૫,૧૮૬, પશ્ચિમ- આંતરિક માર્ગ | ૨૦-માર્ચ-૨૦૨૫/ રૂપિયા ૯,૬૩,૭૫૨/- રૂપિયા નવ લાખ ત્રેસઠ હજાર સાતસો બાવન માત્ર. | ૨૧-ડિસે. -૨૦૨૫ |
| 4. | રામારામ તલાકાજી પુરોહિત/ દેશુદેવી રામારામ પુરોહિત/ 004- 00406515/ સુરત | ફ્લેટ નં. ૧૦૩,૧લો માળ, હરિહંત પાર્ક સોસાયટી વિભાગ ૨, શ્રી ગણેશ રેસીડેન્સી બી, કડોદરા પલસાણા સુરત સુરત ગુજરાત ૩૯૪૩૨૭ | ૧૬-ઓગસ્ટ-૨૦૨૪/ રૂપિયા ૫,૫૭,૬૮૭/- રૂપિયા પાંચ લાખ સત્તાવન હજાર છસો સત્યાસી માત્ર. | ૨૧-ડિસે. -૨૦૨૫ |
| 5. | શોભનાબેન ભરત પાટીલ/ મયુર ભરત પાટીલ/004-00000179/ સુરત | પ્લોટ નં. ૨૪૧, "આરાધના ડ્રીમ વિભાગ-૧" મોજે જોલવા, તાલુકા પલસાણા, કડોદરા, જિલ્લો સુરત. રાજ્ય ગુજરાત પિનકોડ ૩૯૪૩૧૦. દિશાઓ ઉત્તર- સંલગ્ન પ્લોટ નં. ૨૪૦, દક્ષિણ- સંલગ્ન પ્લોટ નં. ૨૪૨, પૂર્વ- સંલગ્ન પ્લોટ નં. ૨૩૮, પશ્ચિમ- સોસાયટી રોડ. | ૨૪-જૂન-૨૦૨૫/ રૂપિયા ૮,૮૮,૮૮૦/- રૂપિયા આઠ લાખ અઠ્યાસી હજાર આઠસો એંસી માત્ર. | ૨૧-ડિસે. -૨૦૨૫ |
| 6. | જીજ્ઞેશકુમાર સુરેશભાઈ ઠાકોર/ સુમનબેન સુરેશ ઠાકોર/ 004- 00403848/ સુરત | પ્લોટ નં. ૮૬ ધરાવતી તમામ સ્થાવર મિલકતનો ટુકડો અને પાર્સલ ૭૨.૦૦ ચોરસ યાર્ડ એટલે કે ૬૦.૨૨ ચોરસ મીટર, ૧૭.૪૬ ચોરસ મીટર સાથે. રોડની જમીનમાં અવિભાજિત હિસ્સો, સંપૂર્ણપણે ૭૭.૬૮ ચોરસ મીટર, "રોયલ પાર્ક" માં, રેવન્યુ સર્વે નંબર ૮૭, બ્લોક નંબર ૫૦, મોજે ગામ કીમ-કાઠોદરા, તાઃ ઓલપાડ, સુરત શહેર ખાતે સ્થિત છે. સીમાઓ- ઉત્તર-પ્લોટ નંબર ૮૫, દક્ષિણ-પ્લોટ નંબર ૮૭, પૂર્વ-પ્લોટ નંબર ૭૯, પશ્ચિમ-સોસાયટી રોડ | ૧૯-ઓગસ્ટ-૨૦૨૫/ રૂપિયા ૧૧,૬૦,૬૩૯/- રૂપિયા અગિયાર લાખ સાઠ હજાર છસો ઓગણચાલીસ માત્ર. | ૨૧-ડિસે. -૨૦૨૫ |

તારીખ: 24 ડિસેમ્બર , 2025
સ્થળ: સુરત
એસડી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ